પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબિલીટેશન, એકટ-૨૦૧૩ ના પ્રકરણ મુજબ " રાજય કક્ષાની/ જિલ્લા કક્ષાની સર્વે સમિતિ" ની રચના અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ-૧૦૧૪- ૭૪૦૫૦૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૧૫-૧૧-૨૦૧૪**

વંચાણે લીધાઃ

(૧) પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબીલીટેશન એકટ- ૨૦૧૩, તા.૧૯-૯-૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રુલ્સ-૨૦૧૩, તા.૧૨-૧૨-૨૦૧૩.

ઠરાવઃ-

ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રિહેબીલીટેશન રુલ્સ-૨૦૧૩ ના પ્રકરણ-૨, અસ્વચ્છ શૈચાલયો અને મેન્યુઅલ સ્કેવેન્જર્સ ના સર્વે માટે (૧) રાજય કક્ષાની સર્વે સમિતિ, નિયમ-૧૦(૧૨), ૧૦(૧૩) અને ૧૧(૨) માં દર્શાવ્યા મુજબના કાર્યો કરવા માટે તેમજ (૨) જિલ્લા કક્ષાની સર્વે સમિતિ, નિયમ-૧૧(૨), ૧૧(૧૮) અને ૧૧(૧૯) માં દર્શાવ્યા મુજબના કાર્યો કરવા માટેની સમિતિઓની રચના કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સમિતિઓની રચના કરવામાં આવે છે.

- જિલ્લા કક્ષાની સર્વે સમિતિ-

| ક્રમ | સભ્ય | હોદ્દો |
|---|---|---|
| ૧ | જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી | સભ્ય સચિવ |
| 3 | જિલ્લા આંકડા અધિકારી | સભ્ય |
| ૪ | મ્યુનિસિપલ કમિશ્નર / મુખ્ય અધિકારી (શહેરી વિસ્તાર) (નગરપાલિકા) / પંચાયતના અધિકારી (ગ્રામ્ય વિસ્તાર) | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫ | રેલ્વે પ્રાધિકરણના એક અધિકારી | સભ્ય |
| ૬ | જિલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા નિમણૂક કરાયેલ હાથથી મેલુ ઉપાડનાર અને સફાઇ કામદારોના કલ્યાણ માટે કામ કરતી બિન સરકારી સંગઠનોના બે સભ્યો. | સભ્ય |
| ૭ | જિલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા નિમણૂક કરાયેલ વધુમાં વધુ બે સામુદાયિક પ્રતિનિધિઓ જે પૈકી એક મહિલા પ્રતિનિધિ. | સભ્ય |

- જિલ્લા કક્ષાની સર્વે સમિતિના કાર્યો-

(ક) જિલ્લા સ્તર ઉપર સર્વે પ્રક્રિયાનું મોનીટરીંગ અને સર્વેક્ષણ કરવું.

(ખ) નિશ્ચિત સ્થળોએ જાગૃતિ અભિયાન માટે સાધન સામગ્રીનું વિતરણ.

(ગ) સ્થાનિક સમાચાર પત્રોના માધ્યમથી સર્વે વિશે લોક જાગૃતિ ફેલાવવી.

(ઘ) પોતાના સત્તાક્ષેત્રમાં ભાષાતરીંત કરેલ સર્વે સામગ્રીનું વિતરણ કરવું.

(ચ) જિલ્લાના તમામ નગરો, શહેરો અને ગામડાઓના મેન્યુઅલ સ્કેવેન્જર્સની આખરી યાદીને મંજૂરી આપવી.

(છ) જિલ્લાની મેન્યુઅલ સ્કેવેન્જર્સની આખરી યાદી બહાર પડવી.

- રાજય કક્ષાની સર્વે સમિતિ-

| ક્રમ | સભ્ય | હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |
| 3 | નિયામકશ્રી, આંકડા અને અર્થશાસ્ત્રબ્યુરો | સભ્ય |
| ૪ | સચિવશ્રીઓ, શહેરી વિકાસ/પંચાયત વિભાગ | સભ્ય |
| ૫ | પ્રાદેશિક નિયામક, વસ્તી ગણતરી | સભ્ય |
| ૬ | રેલ્વે પ્રાધિકરણના એક અધિકારી | સભ્ય |
| ૭ | રાજય સરકાર ધ્વારા નિમણૂક કરેલ બિન સરકારી સંગઠનોના બે સભ્યો જે હાથથી મેલુ ઉપાડનાર અને સફાઇ કામદારના કલ્યાણ માટે કામ કરતા હોય | સભ્ય |
| ૮ | રાજય સરકાર ધ્વારા નિમણૂક કરાયેલ વધુમાં વધુ બે સામુદાયિક પ્રતિનિધિઓ જે પૈકી એક મહિલા પ્રતિનિધિ | સભ્ય |

- રાજય કક્ષાની સર્વે સમિતિના કાર્યો-

(ક) રાજય સ્તર ઉપર સર્વે પ્રક્રિયાનું મોનીટરીંગ અને સર્વેક્ષણ કરવું.

(ખ) નિશ્ચિત સ્થળોએ જાગૃતિ અભિયાન માટે સાધન સામગ્રીનું વિતરણ.

(ગ) સ્થાનિક સમાચાર પત્રોના માધ્યમથી સર્વે વિશે લોક જાગૃતિ ફેલાવવી.

(ઘ) પોતાના સત્તાક્ષેત્રમાં ભાષાતરીંત કરેલ સર્વે સામગ્રીનું વિતરણ કરવું.

(ચ) રાજયના તમામ નગરો, શહેરો અને ગામડાઓના મેન્યુઅલ સ્કેવેન્જર્સની આખરી યાદીને મંજૂરી આપવી.

(છ) રાજયની મેન્યુઅલ સ્કેવેન્જર્સની આખરી યાદી બહાર પડવી.

રાજય કક્ષાની અને જિલ્લા કક્ષાની સર્વે સમિતિઓએ MS Rules-2013 ના પ્રકરણ-૨, નિયમ-૧૦ મુજબ અને પ્રકરણ-૩ નિયમ-૧૧ મુજબ અસ્વચ્છ શૈચાલયો અને મેન્યુઅલ સ્કેવેન્જર્સનો સર્વે કરાવવાનો રહેશે. તેમજ રાજય કક્ષાની સર્વે સમિતિએ MS Rules-2013 ના પ્રકરણ-૫, નિયમ-૧૪ મુજબ કાર્યવાહી કરી કેન્દ્ર સરકારને માહિતગાર કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૨૨-૧૦-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:

માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી નગરપાલિકાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ.જીવરા મહેતા ભવન, ગાંધીનગર.
તમામ ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકાઓ (નિયામકશ્રી નગરપાલિકા મારફત)
પ્રાદેશિક નિયામક, વસ્તી ગણતરી, અમદાવાદ
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, સેકટર-૧૭/એ, ગાંધીનગર.
નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંબડા બ્યુરો, સેકટર-૧૭, ગાંધીનગર
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી અ.જા.કમારફત)
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)(નિયામકશ્રી અ.જા.ક.મારફત)
ડીવીઝનલ મેનેજરશ્રી, રેલ્વે, અમદાવાદ (નિગમ ધ્વારા)
સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા)વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સીલેકટ ફાઇલ.